# પ્રકરણ : ૬

# સંપાદિત લોકકથાઓનું સાહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્યાંકન

## ૬.૧ ચૌધરી લોકકથાઓમાં સમાવિષ્ટ સાહિત્યિક તત્ત્વો :

ચૌધરી વાર્તાઓ જોતા તેમની એક વિશિષ્ટતા તરત દેખાય આવે છે.તે છે વાર્તાનો ઉપાડ.મોટાભાગની વાર્તાઓ 'એક રાજા હતો અને તેની હતી એક રાણી' ની જેમ એક હતો 'ડોસી અને એક હતી ડોસી'થી થાય છે.ભલે ને પછી વરસાદી દેવોની વાર્તા કેમ ન કરવી હોય.તેનો ઉપાડ એક હતો ડોસોથી થયેલો જોઈ શકાય છે.જોકે દરેક વાર્તાકારે તેની કથન કથનશૈલી બદલાઈ જતી હોય છે,પણ મારા આ અભ્યાસમાં આ બાબત ચોક્કસ રીતે જોવા મળે છે.

સાહિત્યિકતાની રીતે વાત કરીએ તો કેટલીક વાર્તાના વર્ણનો ખૂબ સુંદર રીતે રજૂ થયા છે.કોઈ ગાઢ જંગલનું વર્ણન કરવું હોય તો વાર્તાકાર તેને આ રીતે વર્ણવે છે -

"એક ગામ નાખછઅ્,બીજઅ્ ગામ નાખછઅ્,ને એકદમ જેંગાલ આવી ગોય.કોના કીચકારા મારે,વાગ ડખ્ખારા મારે,મૂછા મડે,બીલાડો ડોલા કાડે,ફોફ્ડી કુજ્જા કરે,હડો હુકાયરા કરે તીયાં રઅ્યને આવતો હા."

તો ખૂબ દૂર નીકળી ગયાનું વર્ણન કરવું હોય ત્યારે પાનારાજની વાર્તામાં જે વર્ણન આવે તે પ્રમાણે જુદા-જુદા પ્રદેશોના જુદા-જુદા પશુઓ કે પંખીઓના ગોવાળોનો ભેટો વાર્તાનાયકને થતો જાય છે.તેમની આ વર્ણનકળા ધ્યાનાકર્ષક છે

વાર્તાનો મુખ્ય રસ એટલે અદ્‌ભૂત રસ મોટાભાગની વાર્તાઓમાં ભર્યો પડયો છે.જેમકે,પાનારાની વાર્તામાં આવે છે તેમ ડોસીના જાંઘ પર ફોલ્લો બાઝવો અને તેમાંથી છોકરો જન્મવો,ને પાનારાજ તેમને પકડવા જ્યારે તેમની પાછળ પડે છે ત્યારે પોતાના બચાવ માટે વાર્તાનાયક અને તેની બહેન સાવરણું ફેંકે છે તો આખું ખજૂરીનું વન ઊભું થઈ જાય છે અને સાબેલું નાખે છે તો આખા બાવળ ને બાવળ થઈ જાય છે.

તો 'હુમડી દેહ' ( સમડીનો દેશ ) વાર્તામાં એક નવા જ પ્રદેશની કલ્પના કરવામાં આવે છે.દરિયાની પેલે પાર દૂર એક એવો પ્રદેશ કે જેમાં એકલી સ્ત્રીઓ જ રહેતી હોય,અને તે પણ બધી મંત્રતંત્રની વિદ્યાવાળી.વાર્તાનાયક તેમની પાસેથી મંત્રવિદ્યા શીખી લે છે,અને એક દિવસ વિશાળ પક્ષીના માળામાં તેના ઈંડાઓ વચ્ચે સંતાય રહી,તેના પગ પકડીને દરિયો પાર કરીને આવતો રહે છે.ગામમાં આવે તે મેલીવિદ્યાની જાણકાર ડાકણોને પકડી

ગામલોકોને હવાલે કરે છે.એટલું જ નહીં તે મરીને સળગી જાય છે તોપણ તેની રાખમાંનાં અંશથી તે સજીવન થઈ પાછો આવે છે.

તો ‘નાગ’ જેવી વાર્તામાં આવતા જે વર્ણનો છે તે પણ વાર્તાને અદ્‌ભૂત રસથી સીંચે છે.હીરાના હારનું પુઢષ બનવું,હાર સાથે રાજકુમારીનું પણ અલોપ થઈ જવું તેમજ બીજા પ્રદેશમાં નવો અવતાર લેવો આવા અનેક ચમત્કારો જોવા મળે છે.અહીં પંખીઓને પણ માનવબોલી બોલતા બતાવવામાં આવ્યા છે.આવી જ રીતે સાત ભાઈ અને બહેનમાં પણ બહેન તેના માંસના ટુકડામાંથી વાંસ બનીને ઊગે છે,તેનો નાનો ભાઈ તેમાંથી વાસળી બનાવે છે અને પછી એ વાસળીમાંથી ફરી તે બહેન બની જાય છે.

આ ઉપરાંત ઉમરાને રાતના બાર વાગ્યે થોડા સમય માટે ફૂલ બેસવા અને પછી તે સોનાના બની જવા,રાજાનો દીકરો ઘર છોડીને નીકળી પડે છે ત્યારે તે વાઘ અને સમડીના બચ્ચાઓને બચાવે છે,અને પછી તેના બચ્ચા તેના રખેવાળ થઈને તેની સાથે જાય છે વગેરે જેવા વર્ણનો અદ્‌ભૂત રસથી ભરેલા છે.

આ સમાજમાં પોહનો એટલે મા બાપ વિનાનો. આવા બાળકો પણ અહીં વાર્તાનાયક બનીને આવે છે,જે તેમની વાર્તાનું નાવિન્ય છે.સાથે પાડાનું તેની સાથેનું મૈત્રીપણું,તેને પોતાના શિંગડામાંથી લાડવા કાઢી આપવા,અને આખા ધણને પોતે ચ્રાવવા લઈ જેવું,નાગના બચ્ચાના થૂંકવાથી પોહનાના વાળ સોનાના થવા,વાસળી વગાડવાથી મરી ગયેલા ઢોરોનું સજીવન થવું વગેરે વાર્તામાં એક નવી રસસૃષ્ટિ ઊભી કરે છે.

વાર્તામાં વીરરસની ઝાંખી પ્રમાણમાં ઓછી થાય છે. ‘રાજાનો દીકરો’ વાર્તામાં વાર્તાનાયક વાઘને તેના પગમાં વાગેલો કાંટો કાઢીને બચાવે છે,તેમજ એક મોટા નાગને મારીને તેના ટુકડાના સાત કૂંદવા સીચી દે છે.એવા વર્ણનમાં થોડો વીરરસ દેખાય છે બાકી વાર્તાઓમાં અદ્‌ભૂત રસનું આધિપત્ય જોવા મળે છે.

**૨.લોકકથાઓમાં નિરૂપિત સાંસ્કૃતિક અને સામાજિક તત્ત્વો :**

લોકગીતની જેમ લોકકથાઓ પણ જે તે સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.સમાજના વાર્તાકથકો તેમાં એક યા બીજી રીતે પોતાની આસપાસના પરિવેશ અને લલોકોની રહેણીકરણીનું તેમાં નિરૂપણ કરતા હોય છે,તેવી જ રીતે વાર્તાના વર્ણનો અને કેટલીક

ઘટનાઓમાં પણ ફરફાર કરતા રહે છે.ટૂંકમાં પોતાના સમાજજીવનને લગતું વાતાવરણ અને પરિવેશ વાર્તામાં આવતા હોય છે.

'તેતર અને શિયાળ' વાર્તામાં આવતું વર્ણન ગ્રામીણ પરિવેશનું છે.પક્ષીઓ તેમના આહારની મહત્ત્વની કડી રહ્યા છે,તેથી  શિકારની પ્રવૃતિ તેમની મનગમતી પ્રવૃતિ છે.આ કારણે જ તેતરને તરફડતો જોઈ ભથવારી,ચણા વેચવાવાળો ભૈયો અને ગોવાળો ક્રમશઃ તેતરને પકડવા દોડે છે.તેમના અનુભવ જગતમાં પશુ -પંખીઓના સ્વભાવનું ઝીણવટભર્યૂં અવલોકન રહેલું છે.તેથી જ આ વાર્તાના અંતે કહેવાયું છે કે શિયાળે તેતરને મારીને આખેઆખો ખાય જવાની વાત કરી ત્યારથી તેતર દિવસ દરમિયાન ક્યારેય જમીન પર ચરકતો નથી.

'ભગવાનની પરીક્ષા' વાર્તાના આધારે તેમનું લોકમાનસનો પરિચય મળી રહે છે.તેઓ પોતે આ વાતમાં દઢપણે માને છે કે જો આપણા જીવનમાં ભગવાનની કૃપા દષ્ટિ બની રહે તો આપણા જીવનમાં સુખ જરૂર આવે છે.તે કોઈને કોઈ રીતે આપણને સુખી સમૃદ્ધ બનાવે છે.સાથે,આપણી મદદની આશાએ આવનાર કોઈ ગરીબ વ્યક્તિ કે ભિક્ષા માગનાર સાધુનું આપણે કોઈ દિવસ અપમાન કરવું જોઈએ નહી આમ કરવાથી આપણને મળેલું સુખ પણ જતુ રહે છે.અહીં ભગવાનની કૃપાથી ડોસા ડોસીના જીવનમાં આનંદના દિવસો આવે છે,પણ પછી ડોસી રક્તપિતના રોગી બનીને આવેલા ભગવાનનું અપમાન કરીને મોકલી દે છે અને તેના કારણે ડોસાના ઘરમાં અનાજનો એક દાણો પણ બચતો નથી.

'પાનારાજ'ની વાર્તા ચમત્કારિક વર્ણનો ધરાવતી વાર્તા છે.જેનો નાયક એક ગરીબ ડોસીને છોકરો છે.તે પોતાની બહેન પ્રત્યેના અનન્ય લગાવને કારણે તેને પાનારાજ જેવા રાક્ષસી શક્તિ ધરાવતા રાજા પાસેથી પોતાની બહેનને પાછા લઈ આવવાનું બીડું ઉઠાવે છે.વાર્તામાં આવતા વર્ણનો જેવા કે છાણા વીણવા જવું,ઢોર ચરાવવા,મરઘા પાળવા વગેરે પોતાની રોજબરોજની પ્રવૃત્તિઓ છે.અહીં પાનારાજ રાજા હોવા છતા તેનું ઘર એક સામાન્ય માણસના ઘર જેવું બતાવવામાં આવ્યું છે,કે જેમાં હાથથી દળવાની ઘંટી,બિલાડીને પાળવી તેમજ બહેનનું કૂવાએ પાણી ભરવા જવું વગેરે સામાન્ય પરિવારમાં ચાલતી પ્રવૃત્તિ છે અને તેથી જ કદાચ તે લોકજીભે સચવાઈ રહી છે.

અહી ‘ઠગ’ વાર્તા ચતુરાઈની વાતો લઈને આવે છે.આપણા ઈતિહાસ પ્રસિદ્ધ ઠગોની જેમ આ ઠગ પણ મીઠી વાતોમાં ભરમાવી પોતાનું કામ કઢાવી લેનારો છે.દુકાળ પડવાના કારણે પોતાની ઘરવખરી વેચીને નીકળી પડેલો તે ચોરોના કારણુ ખ્યાતિ પામેલા એક ગામમાં જઈ ચઢે છે.તે એ ચોરોને કોઈ મોટી ચોરી માટે તૈયાર કરે છે અને પછી બધો માલ સામાન પોતે વગે કરીને,પેલા ચોરોને માલિકના હાથે પકડાવી દે છે,ને ઉપરથી ધનની લાલચ બતાવીને ચોરોની પત્નીઓ પાસેથી ઘોડો પણ લઈ જાય છે.પટેલ જેવા પટેલને પણ તે મૂરખ બનાવી જાય છે.એટલું જ નહીં ચોરો અને પટેલની લાલચવૃત્તિને કારણે તેમને ધનુષબાણ અને  છરીની હાથ કારીગરી બતાવીને તેમને નાક વિનાના કરી દે છે.વાર્તા નાયક ઠગ હોવા છતાં પોતાની ચતુરાઈથી  ભાવકને વાર્તાના અંત સુધી મનોરંજન પૂરું પાડે છે.

‘બગલી’ વાર્તામાં બહેન પ્રત્યેની ભાઈઓની અપાર લાગણીને જોઈ શકાય છે.ભાભીઓ દ્વારા ઈરાદાપૂર્વક અપાતા ત્રાસના કારણે લાચાર બનેલી બહેનની મદદે સાપ, બગલી, લક્કડખોદ  અને ચકલી વગેરે પંખીડા મદદે આવે છે એવી એક અદ્ભૂત સૃષ્ટિ અહી જોવા મળે છે.ભાભીઓના કહેવાથી વાઘણનું દૂધ લેવા જતી બહેનને બગલી બચાવી લે છે બહેનને તેમની પત્નીઓ દ્વારા અપાતા ત્રાસની જ્યારે ભાઈઓને ખબર પડે છે ત્યારે તેઓ પોતાની પત્નીઓને સજા કરવાના બદલે મારીને ફેંકી દે છે તે જરા કઠે છે.જોકે તેનો ઉદ્દેશ પણ બહેન પ્રત્યેનો સવિશેષ પ્રેમભાવ બતાવવાનો જ હોઈ શકે.

તો આ વાર્તાથી બિલકુલ વિપરીત કથાવસ્તુ ‘સાત ભાઈ અને એક બહેન’ વાર્તાનું છે.પોતાના ખોવાયેલા બળદ પાછા મળી જાય તે માટે ભાઈઓ દેવની બાધા લે છે.તેથી તેમને બળદો તો મળી જાય છે પણ તેના બદલે તેઓ પોતાની એકની એક બહેનનો ભોગ ચઢાવી દે છે.ભાઈઓ તેનો જ્યારે ભોગ આપવાના હોય ત્યારે તે બીજા ભાઈઓના હાથે નહીં પણ જે ભાઈને તેના પ્રત્યે પ્રેમભાવ છે તેના હાથે જ તે મરે છે.અંતે નાના ભાઈએ જમીનની તીરાડમાં નાખી દીધેલા તેના માંસના ટુકડામાંથી વાંસ ઊગે છે.નાનો ભાઈ તેની વાંસળી બનાવે છે અને એ વાંસળીમાંથી બહેન ફરીથી સજીવન થઈ ઉઠે છે.આમ એક જુદી રીતે બહેન પ્રત્યેના પ્રેમને બતાવવામાં આવ્યો છે.વળી,આ સમાજમાં કોઈ કાર્ય સારી રીતે પાર પડે તેમજ પોતાની મનોકામના પૂરી થાય તે માટે બાધાઓ લેવામાં આવતી હોય છે તે વાત અહી જોઈ શકાય છે.જોકે માનવીનો ભોગ તેઓ કદી આપતા નથી.

જીવનમાં સમજદારીની કેટલી જરૂર છે તેની વાત કરતી વાર્તા એટલે ‘રાજા’.એક યુવાન રાજા તો બને છે પણ તેમાં તેને નસીબ સાથ નથી આપતું.ગોલ પંખી કે જે એક ચમત્કારી પંખી છે તે રાજાને ‘ તારા જીવનમાં હું ક્યાં પડું ? યુવાનપણામાં પડુ કે ઘડપણમાં ?’ એવું પૂછે છે. રાજા સમજદાર છે માટે તે તેને ઘડપણમાં નહી પણ યુવાનપણામાં પડવાનું કહે છે,કે જેથી જીવનમાં આવનારી મુશ્કેલીઓનો સામનો કરી શકાય.પછી તો રાજાના જીવનમાં અનેક દુઃખો આવે છે.તેને મજૂરી કરવી પડે છે.વળી,તે પોતાની પત્ની અને બાળકોને પણ ગુમાવી દે છે.રાજાના સમજદાર સંતાનો પોતાની વીરતાના કારણે અન્ય રાજા પાસેથી અર્ધું રાજ્ય મેળવે છે,તેની સાથે આખા પરિવારનું સુખદ મિલન પણ થાય છે.આમ દરેકના જીવનમાં સુખ દુઃખ તો આવતા જ રહે છે.જીવનની આ બંને સ્થિતિમાં જો આપણે સ્વસ્થતાથી કામ લઈએ તો એક દિવસ જરૂર સુખી થવાય તેવી સમજણ અહીં આપવામાં આવી છે.અહીં પણ રાજાને એક સામાન્ય માણસ જેવું જ જીવન જીવતો બતાવવામાં આવ્યો છે.

‘નાની વહુ’ વાર્તામાં સૌથી નાની વહુની સમજદારીની વાત છે.મોટી વહુઓની ઈર્ષ્યાના કારણે તેના સસરા તેને ઘરમાંથી કાઢી મૂકે છે પણ પછી તેના જવાથી કુટુંબમાં પડતીની દશા શરૂ થાય છે.બીજી બાજુ વહુ પોતાના સારા નસીબના કારણે શેઠાણી બનીને જીવતી હોય છે.આખરે કંગાળ થઈ ગયેલા ડોસા કામ શોધવા માટે પોતાની વહુ પાસે જ આવે છે,તે ડોસા અને તેના પરિવારને કામ તો આપે છે પણ પછી પોતાના પતિને પોતાની સાથે રાખી બીજાને બહાર હાંકી કાઢે છે.આમ,કોઈપણ નિર્ણય આપણે સમજદારીપૂર્વક લેવો જોઈએ તેની સમજ અહીં આપવામાં આવી છે.તો વાર્તામાં આવતા ઉંબરાના ફૂલનું વર્ણન સમાજમાં પ્રચલિત માન્યતાનું જ એક પ્રતિબિંબ છે.

‘ કેખનાફૂલ’ વાર્તામાં વર્ણન અને ચમત્કારોની ભરમાર જોવા મળે છે.રાજાના સ્વપ્નમાં આવેલા કેખનાફૂલને શોધવા નીકળેલો ઠાકોર ગોવાળ દેવી સ્વરૂપ ત્રણ સ્ત્રીઓને પરણી,પોતાની સાસુઓ પાસેથી ઝાંઝર,ઘોડો અને પવનપાવડી જેવી ચમત્કારી વસ્તુઓ મેળવીને પાછો ફરે છે.આ સમયે રાજાના હજામને ઠાકોર ગોવાળ પ્રત્યે ઈર્ષ્યા જાગે છે કારણકે ઠાકોર ગોવાળ રાજા કરતા પણ વૈભવી હવેલીમાં રહે છે.એટલું જ નહી તેને ત્રણ ત્રણ સ્વરૂપવાન પત્નીઓ છે આ જોઈ હજામથી રહેવાતું નથી.પોતાના સ્ત્રી લોલુપ સ્વભાવને કારણે તે રાજાને ઠાકોર ગોવાળને મારી નાખવા માટે ઉશ્કેરે છે.ઠાકોરના મર્યા

પછી ‘બે તમારી અને એક મારી’ એવા પ્રલોભનો તે રાજાને આપે છે.જે કારણે રાજા પણ તેને આ કાર્યમાં સહયોગ આપે છે.પણ ઠાકોર પોતાની દેવી સ્વરૂપ પત્નીઓના કારણે હંમેશા બચી જાય છે.અંતે હજામનો ભૂંડો અંત તો આવે જ છે પણ રાજા પણ ગરીબ બની જાય છે. કેખના ફૂલ રાજાને મળે તો છે પણ તે તેને કશા કામમાં આવતા નથી.અહીં તેની ખોજ કરવા ગયેલા ઠાકોર ગોવાલને તેનું પુણ્ય મળી જાય છે.

‘રાજાનો છોકરો’ વાર્તામાં દીકરો તેના વિધુર પિતાને પરણવાની અનુમતિ આપે છે,પણ સાવકી માના કારણે તેણે ઘર છોડવાનો વારો આવે છે.આ સમયે તે વાઘ અને સમડીના બચ્ચાને પોતાની વીરતાથી બચાવે છે.પરિણામે તેને વાઘ અને સમડીના બચ્ચાનો સંગાથ મળે છે.તે જે ગામમાં જઈને રોકાય છે તે ગામના રાજાની દીકરીનો સ્વયંવર રાખવામાં આવ્યો હોય છે.જેમાં હાથીને વરની પસંદગી માટે ફૂલહાર આપીને છૂટો મૂકવામાં આવે છે,હાથી આ છોકરાને રાજકુમારીના વર તરીકે પસંદ કરે છે.તેને રાજાની દીકરી સાથે પરણાવવામાં આવે છે.પણ તેના સામાન્ય માણસ જેવા વર્તનને કારણે તેને કાઢી મૂકવામાં આવે છે.તેના બીજા દિવસે ફરી સ્વયંવર રાખવામાં આવે છે ત્યારે પણ હાથી તેને જ વરમાળા પહેરાવી દે છે.આથી રાજકુમારી તેને પોતાના પતિ તરીકે પાછી સ્વીકારી લે છે.બીજીબાજુ મોટી દીકરીઓ અને તેના પતિઓ છોકરાને હલકી બુદ્ધિનો ગણી તેની મજાક ઉડાવતા રહેતા હોય છે.પણ એક દિવસ રાજા તેમને શિકાર માટે મોકલે છે ત્યારે તે પોતાના અસલી પહેરવેશમાં તૈયાર થઈ,સાથે વાઘ અને સમડીનો સંગાથ લઈ સૌથી વધારે શિકાર કરે છે અને તેના ઇનામમાં રાજપાટ મેળવી લે છે.અહીં રાજાના દીકરાનું ગાય ચરાવવા જવું,શિકાર કરવો તેમજ રાજાના ઘરે ટેબલ પર નહીં પણ નીચે બેસીને ખાવાનું વર્તન છે તે આ સમાજની રહેણીકરણીને બતાવી આપે છે.

‘સાસુ અને વહુ’ માં વહુના સાસુ પ્રત્યેના અણગમાને કારણે દીકરો પોતાની માને પહેલા તો અલગ છાપરું પાડી આપે છે અને પછી દૂર ઘાઢ જંગલમાં ભૂલાવી આવે છે.પણ સાસુ પોતાના સારા વ્યવહારને કારણે રાજા પાંઠા અને બાલો વીંધાણના આશીર્વાદથી મોટો સુખ વૈભવ પ્રાપ્ત કરે છે.આ જાણીને વહુ પોતાની માને પણ આવો વૈભવ પ્રાપ્ત થાય એવું ઈચ્છે છે પણ તેની મા ખરાબ વ્યવહારના કારણે ગધેડી બનીને આમતેમ ભટકતી થઈ જાય છે.આ વાર્તામાં આ સમાજનો વર્ષની તમામે તમામ ઋતુ પ્રત્યેનો જે લગાવ છે તેને સુંદર વાચા મળી છે.વળી,આ સમાજમાં સાજા થવા માટે દોરા-ધાગા કરાવવામાં આવતા હોય

છે,આ માટે ભૂવા પાસે મંત્રતંત્રો પણ કરાવવામાં આવતા હોય છે.તેનું નિરૂપણ પણ અહીં કરવામાં આવ્યું છે.

'સમડીનો દેશ' વાર્તા એક રહસ્યમયી દુનિયાને રજૂ કરતી વાર્તા છે.દરિયાની પેલે પાર આવેલા સમડી દેશ માં એકલી સ્ત્રીઓ જ વસે છે.એવી જગ્યાએ સમડી વાર્તાનાયકને લઈ જાય છે.ત્યાં તેને મેલી વિદ્યાના મંત્રી શીખવવામાં આવે છે.મંત્રવિદ્યા શીખી લીધા પછી તે ત્યાંની સ્ત્રીઓને ખબર ના પડે તે એક વિશાળ પક્ષીના પગ પકડી લઈને આવતો રહે છે.તે પોતાનું સંસારી જીવન શરૂ કરે છે.એક દિવસે ગામની ડાકણો તેને મેલી શક્તિથી બિમાર પાડી દે  છે,એ બિમારીમાંથી તે ઉઠી શકતો નથી.પણ પોતાની શીખેલી મંત્ર વિદ્યાથી તે પોતાની અસ્થિમાંથી ફરી સજીવન થાય છે.અને ડાકણોને બંધી બનાવી ગામને હવાલે કરી દે છે.આ વાર્તાની આ વાર્તાસૃષ્ટિ આ સમાજમાં ડાકણો અને મેલીવિદ્યા વિશેની તેમની માન્યતાને બતાવી આપે છે.

પશુપાલન અને ખેતી સાથે જોડાયેલી આ જાતિની કોઈ વાર્તાનો નાયક ગોવાળ ન હોય તો જ  નવાઈ.મા વિનાના પોહનાને તેની સાવકી મા ખાવાનું સુદ્ધા પણ સારી રીતે ખવડાવા માગતી નથી.આવા સમયે પાડો પોહનાને પોતાના શિંગડામાંથી લાડું ખવડાવે છે,એટલું જ નહીં તેને તેના બાપના હાથે મરતા પણ બચાવે છે.આખરે પોહનો ધણ જંગલમાં જતો રહે છે.ત્યાં તે વાંસળી વગાડીને ધણને ચારવા મોકલે છે અને પાછો વાળી પણ લે છે.પોહનાને નાગના આશીર્વાદથી સોનાના વાળ આવે છે.જેમાંથી એક વાળ રાજકુમારીને મળતા તે સોનાના વાળવાળા એ યુવાન સાથે જ પરણવાની જીદ લે છે.આખરે એક ડોસીમાં પોહનાને કેઈ કરીને રાજા પાસે લઈ આવે છે.એ રાજા પોતાના જમાય પોહના સાથે પોતાના ધણને કોણ પહેલા બોલાવી લાવે ? તેની શરત લે છે.જેમાં પોહનો મરેલા ધણને પણ વાંસળી વગાડીને જીવીત કરી દે છે તેની આખી કથા અદ્‌ભૂત રીતે કહેવાઈ છે.

આ સમાજમાં જ્ઞાતિભેદનું પ્રમાણ એક સમયે વધારે જ માત્રામાં હતું.તેથી જો કોઈ વ્યક્તિ  કોઈ અજાણ્યાના ઘરે કે હલકી જાતિના લોકો સાથે ખાનપાનનો વ્યવહાર કરે તો તેને ન્યાતમાંથી કાઢી મૂકવામાં આવતી.તેને પાછા ન્યાતમાં લેવા માટે ન્યાતાની વિધિ કરવી પડતી.આ જ રીતે મરણ પામેલી વ્યક્તિથી પણ તેના જીવતેજીવ આવી કોઈ ભૂલ થઈ ગઈ હોય તો તેને પૂર્વજોના ખતરા પોતાની નાતમાં ન લે.એટલે પૂર્વજોના ખતરા તેને પોતાની

નાતમાં લઈ લે તે માટે મૃત્યુ પછીની ખતરા વિધિમાં ન્યાતું  કરવામાં આવે છે.જેમાં સૌપ્રમણ કોણે અને શા માટે ન્યાતું કરેલું તેની વાત કરવામાં આવી છે.

આમ, આ સમગ્ર વાર્તાઓમાં ચૌધરી સમાજની રહેણીકરણી,માન્યતાઓ તેમજ કેટલીક પરંપરાઓ ખૂબ સારી રીતે ઝીલાયેલી જોવા મળે છે.